# 'આવાગમન' : ટૂંકીવાર્તાનું કળામય વાસ્તવ વિજય શાસ્ત્રી દ્વારા

## સેજલ શાહ

[**આવાગમન** (ટૂંકીવાર્તાસંગ્રહ) : વિજય શાસ્ત્રી, પ્રકાશક : ગૂર્જર, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૮+૧૪૨ = ૧૫૦, કિં. રૂ. ૭૫/-]

ચેખોવે 'Short Story is a shce of life' એવી વ્યાખ્યા બાંધીને ટૂંકીવાર્તામાં જીવન સમગ્રનું નહીં પણ જીવનના કોઈ ખંડનું, ક્ષણનું નિરૂપણ થતું હોય છે, એ વાત પર ભાર મૂક્યો છે. વિજય શાસ્ત્રીની દૃષ્ટિ જીવનના આવા જ બનાવોને તાકવામાં અને પકડવામાં સફળ રહી છે. અહીં 'આવાગમન' વાર્તાસંગ્રહમાં દરેક વાર્તાનું મુખ્ય પાત્ર મનુષ્ય છે, મનુષ્યના જીવનની એક ક્ષણ, મનુષ્યની પોતાની ઘટના અને પછી ભાવક એમાં તણાય છે. 'આવાગમન' ભાવનામય સફર કરાવતો ૧૪ વાર્તાઓનો સંગ્રહ છે.

વિજય શાસ્ત્રી ગુજરાતી ભાષાના જાણીતા, લોકપ્રિય અને પારિતોષિક-વિજેતા વાર્તાકાર ઉપરાંત નિબંધકાર, નવલકથાકાર, વિવેચક, વિચારક છે. ૧૯૭૧માં એમનો પહેલો વાર્તાસંગ્રહ 'મિસિસ શાહની એક બપોર' અને ૨૦૦૮માં એમનો આઠમો વાર્તાસંગ્રહ 'આવાગમન' આવ્યો. 'આવાગમન'ની સૃષ્ટિ એ આમ તો સામાન્ય કથાવસ્તુને જ તાકે છે પરંતુ મનુષ્યસંવેદનની તીવ્રતમ ક્ષણને પકડવામાં આ સંગ્રહ સફળ રહ્યો છે.

'આવાગમન'માં કુલ ૧૪ વાર્તાઓ છે જેમાં વિષયવૈવિધ્ય, સંવેદનની વિવિધ તરાહો, રહસ્યસ્ફોટ જેવી શૈલી કે આલેખન કે નિરૂપણશૈલી પસંદ કરવામાં આવી છે. સંગ્રહની મજા એ છે કે મોટાભાગના ભાવકોને આ પોતાની વાત જ લાગે, આપણા જ જીવનની કોઈ ઘટના, આપણા જ પરિસરનું નિરૂપણ લાગે 'જીવ તો બળે છે ને !' વાર્તામાં આમ તો સાસુ-વહુના પરંપરાગત સંબંધોની તાણ અને એમાં પિસાતા દીકરાની ભાવનાની વાત કરી છે. પિતાના મૃત્યુ પછી મા અચાનક અવારનવાર ગુમ થઈ જાય છે અને ત્યારે વહુ આવતી પૂનમે માના ઓરડાને આગળિયો મારી દેવો, એવો ઉપાય સૂચવે છે જે દીકરા કરસનને ગળે નથી ઊતરતો પણ વિરોધ પણ નથી કરી શકતો. બીજી તરફ માનું પેન્શન પણ એક આકર્ષણ હતું. કરસને પહેલી વાર માને રૂમમાં પૂરતી વખતે ચચરાટ નહોતો અનુભવ્યો પણ બીજી વાર એ ચચરાટ અનુભવે છે. પોતાને દુઃખ થાય છે એની ખાતરી થતાં જ કરસન સંતોષ અને છૂપો હરખ અનુભવે છે. કરસન માની ચિંતામાંથી પોતાની ચિંતામાં ક્યારે સરી પડે છે એની ખબર જ ભાવકને પડતી નથી. અહીં મહત્ત્વ એનું છે કે 'મારો જીવ બળે છે ને !' બસ તો પછી બધું બરાબર ! કરસનના મનોભાવનું આલેખન અને પોતાનો જ માંહ્યલો જાગ્રત છે. એની ખાતરી કરસન માટે મહત્ત્વની છે, નહીં કે મા ! બીજી વાર્તા 'ભાર'માં 'મા' માટે પુત્ર કેન્દ્રબિંદુ છે, ખૂબ જ ચિંતા કરે છે પણ દીકરાની ચિંતા કરવાની જરૂર જ નથી કારણ એ પોતાની જરૂરિયાત પ્રમાણે જ માને બોલાવે છે. પણ મા આ સત્યને સ્વીકારવા તૈયાર નથી. આજના વૃદ્ધાવસ્થાના પ્રશ્નો, તેમની અવગણના વગેરે અહીં જોવા મળે છે, આ જ વિષયની આસપાસ, ફરતી અન્ય એક વાર્તા 'આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે !'માં પતિના અચાનક મૃત્યુને કારણે અરુણા જે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાની હતી તે નથી લેતી પણ નિયત સમયની નિવૃત્તિ પછી તેની એકલતા તો તેને સતાવે છે જ અને જીવન દરમ્યાન અનેક પ્રસંગોનો સામનો કરતાં કરતાં પૈસા પણ ખરચાઈ ગયા છે; પૈસાની સાથે લાગણી પણ બચી નથી, જે છે તે યંત્રવત્ જીવન – આમાં લાગણીની અપેક્ષા ક્યારે પૂરી થશે ?

ઑફ-બીટ કહી શકાય એવી જો કોઈ વાર્તા હોય તો તેમાં 'સ્વામી ચંદ્રકાન્ત'નો ખાસ ઉલ્લેખ કરવો પડે. વાર્તાનો નાયક મનસુખ સુખ અને પરમસુખની અપેક્ષાની ખેવના સાથે માયા-મુક્તિના રસ્તે ચાલે છે. આ સાધનાના માર્ગ પર તેને પરમ સંતોષની લાગણી થાય છે કે તેણે બધું જ પ્રાપ્ત કરી લીધું છે. પરંતુ પત્ની રમીલાના મૃત્યુ પછી પોતાનો આ ભ્રમ તૂટી પડે છે, પોતે કરેલો ત્યાગ, પોતાનું સુખ રમીલા માટે કેવી દુઃખદ પ્રક્રિયા બની રહે છે, તેનો તેને ખ્યાલ આવે છે. 'દુઃખને પ્રવેશવાનો એક માર્ગ બળજબરીથી બંધ કરી દીધો તો દુઃખ પૂરનાં પાણીની જેમ બીજા માર્ગે મનમાં, જીવનમાં પ્રવેશી ગયું હતું.' (પૃ. ૬૫) સુખની આવી ભ્રમણા તો તૂટે જ છે પણ હવે તેને બાજી સુધારવાનો પણ સમય મળે તેમ નથી, આથી મોટી કરુણતા કઈ હોઈ શકે ?

'ગંગા નાહ્યાં'માં લેખકે નિબંધ રૂપે કથા આલેખી છે, એમ શરૂઆતમાં લેખકે નોંધ્યું છે પરંતુ પછી તે વાર્તામાં પરાવર્તિત થઈ જાય છે. અહીં મનુષ્યની હંમેશ માટેની એક ઇચ્છા હોય છે કે તેને તેના મૃત્યુ પછી બધાં યાદ કરે, કોણ તેની કેટલી કાળજી – ચિંતા કરે છે, તેને વિશે મનુષ્યને ખબર પડે વગેરે. અહીં નાયક 'કાકા' વિશે પણ એવું મનાય છે કે એમને કંઈ થઈ ગયું છે, અને બધા જ એમની ચિંતા કરે છે, ત્યારે મનોમન તે ખુશ થાય છે અને અંતે તો પાડોશી રમાબહેનનું પણ પોતાના તરફ ધ્યાન ગયું હતું, એ જાણે છે એટલે તો તેમને 'ગંગા નાહ્યાં !' જેટલો આનંદ થાય છે.

વિજય શાસ્ત્રીની ટૂંકીવાર્તામાં સ્ત્રી અને પુરુષ બંનેના મનોભાવ વ્યક્ત થયા છે, માત્ર પુરુષકેન્દ્રી દૃષ્ટિકોણથી તેમની વાર્તા દબાતી નથી. રહસ્યસ્ફોટનું શસ્ત્ર પણ વાર્તામાં સફળતાપૂર્વક ઉગામ્યું છે. 'બાબુજી ધીરે ચલના' વાર્તામાં કંઈક આવો જ ઘટસ્ફોટ થાય છે પણ ત્યાં સુધી મોડું થઈ ચૂક્યું હતું. અહીં મિત્રતાના સંબંધને પણ તાગવામાં આવ્યો છે. વાર્તા પ્રથમ પુરુષ એકવચનના કથાકેન્દ્રમાં લખાઈ છે. નાયક અને બાબુ આમ તો રોજ સાંજે સાથે જ ફરવા જતા, પણ એક દિવસ બાબુ વહેલો નીકળી જાય છે, નાયક તે જ રસ્તે બાબુની પાછળ જાય છે અને દૂરથી બાબુ 'પોતાના મિત્રને' જળસમાધિ લેતો જુએ પણ છે, પરંતુ છતાં તેનું ભીરુ મન એ અંગે કંઈ કરતું નથી અને ઘરે આવીને કોઈને જાણ સુધ્ધાં નથી કરતો કારણ સ્વાર્થી મન પોલીસના નામે ડરી જાય છે. મૃત્યુનું રહસ્ય તો બાબુને પત્ર ચાર દિવસ પછી આવે છે એટલે ખૂલે છે અને વાર્તા પછી ખરા અર્થમાં તો ત્યારે નીપજે છે જ્યારે સુમિત્રા પણ બાબુ સાથેના પ્રેમનો એકરાર કરે છે, જેનો હવે કોઈ અર્થ નથી. અહીં વાર્તાકળા ઘટનાના વિકાસ દ્વારા સિદ્ધ થઈ છે. ભાવક આ વાર્તા પોતાનાથી જુદી કરી નહીં પરંતુ પોતાના જીવનના એક ભાગ રૂપે વાંચી શકે એવી છે.

વિજય શાસ્ત્રી વાસ્તવિક જીવનના પ્રશ્નોને એ જ રીતે તાકતા રહ્યા છે. ઘટના એ એમની વાર્તાની મૂળ ભૂમિ છે અને પછી... એનો સંવેદના, વર્ણન, ક્યારેક પ્રતીક દ્વારા વિસ્તાર કરે છે. ભાવકને સ્પષ્ટ કરી આપી દેવાની તેમની શૈલી છે, જરૂર પડે ત્યારે કૌંસમાં મૂકી કે પછી એ અંગેની સૂચના પણ આપીને તેઓ સ્પષ્ટ તો કરે જ છે. ભાવક સર્જકના દૃષ્ટિકોણને ચૂકી

શકે નહીં, એ બાબતે તેમની સ્પષ્ટતા ખૂબ જ છે. વાર્તાનાં શીર્ષકો કાવ્યમય છે. ક્યાંક લોકબોલીના પ્રયોગ અને એ પણ શિષ્ટ ભાષા સામે ઓગળી જઈ સુંદર રીતે આવ્યા છે. મોટાભાગની વાર્તાઓ ‘નવનીત-સમર્પણ’માં પ્રગટ થઈ ચૂકેલી છે. અનુઆધુનિક સમયમાં મનુષ્યની વાત માત્ર કોઈ પણ લેબલ કે બેનર વગર કરવાની ભૂમિકા આ સંગ્રહમાં જોવા મળે છે. સામાન્ય કથાવસ્તુને કળાનું પરિમાણ અપાયું છે. મોટાભાગનાં કથાવસ્તુ પ્રચલિત હોવા છતાં તાજપ અનુભવાય છે, કારણ નર્મ, મર્મ, ઉપહાસ, વિડંબના એ જ એમની સિદ્ધિ બની રહ્યાં છે. વાર્તામાં એમણે આ સાધનો દ્વારા માનવીના વ્યવહાર અને માનસિકતાને તાગ્યાં છે. જ્યાં જરૂર પડે ત્યાં વિધાન અધૂરું મૂકીને ભાવકને વિચારતા પણ કર્યા છે, છતાં હજુ થોડી ઓછી સ્પષ્ટતા સાથે ભાવક માટે વધુ અવકાશ સર્જી શક્યા હોત તો કળાનાં વધુ ઊંચાં પરિમાણ તાકી શકાયાં હોત. ખેર, છતાં ગુજરાતી વાર્તાની તાજપ અને મરોડને એમણે વધુ સમૃદ્ધ કર્યાં છે જ – ‘આવાગમન’ દ્વારા એ તો નિશ્ચિત જ.